
Leicestershire
**Police**
Protecting our communities




# ગુનાનો ભોગ બનેલાઓ માટે માહિતી


| | |
|---|---|
| ગુનો/ઘટના/ બનાવ ક્રમાંક: | |
| ગુનાનો પ્રકાર: | |
| હવાલો ધરાવનાર અધિકારી: | |
| તપાસ કરી રહેલ અધિકારી: | |
| તપાસ કરી રહેલ અધિકારીની સંપર્ક વિગતો: | |

| | | | |
|---|---|---|---|
| તારીખ બનાવ બન્યાની: | | તારીખ જાણ કરાઈ: | |

# અનુક્રમણિકા




| | |
|---|---|
| પ્રસ્તાવના | 3 |
| વિક્ટિમ્સ કોડ (ગુનાનો ભોગ બનેલાઓ માટેની સંહિતા) હેઠળ તમે શેને માટે પાત્ર છો? | 4 |
| વિક્ટિમ ફર્સ્ટ શું છે અને તેઓ મને કેવી રીતે મદદરૂપ થઈ શકે? | 6 |
| મેં એક ગુનાની જાણ કરી છે, હવે શું થશે? | 7 |
| તો, મારા સાક્ષી નિવેદનનું શું થશે? | 7 |
| મારું સાક્ષી નિવેદન કોણ જોઈ શકશે? | 7 |
| તમારી સાથે થયેલા ગુના અંગે પગલાં ભરવા | 8 |
| વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (ભોગ બનેલાનું વ્યક્તિગત નિવેદન) (VPS) આપવું | 9 |
| બિઝનેસ ઇમ્પેક્ટ સ્ટેટમેન્ટ (BIS) | 10 |
| શું મારે ન્યાયાલયમાં જવું પડશે? | 10 |
| ગુના નિવારણની સલાહ અને વધુ માહિતી | 11 |




# પ્રસ્તાવના

**લેસ્ટરશાયર પોલીસ ગુનાનો ભોગ બનેલાઓ અને સાક્ષીઓને અમે જે કરીએ છીએ તેના કેન્દ્ર સ્થાને રાખીને એક ઉત્કૃષ્ટ સેવા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.**

આ પુસ્તિકા ગુનાને કારણે અસરગ્રસ્ત લોકોને લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ ખાતે ઉપલબ્ધ સેવાઓ સમજવામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવી છે અને તે તમને પોલીસ અને એવા અન્યો કે જેમનું કામ તમને મદદ કરવાનું છે, તેમની પાસેથી શું અપેક્ષા રાખવી તે જણાવે છે.

વિક્ટિમ ફર્સ્ટ તરીકે ઓળખાતી એક મફત, સ્વતંત્ર અને ગોપનીય સેવા થકી તમારે માટે સ્થાનિક સેવાઓની એક શ્રેણી ઉપલબ્ધ છે. ફોન ઉપર માહિતી અને સલાહ સુલભ બને તેની જરૂર હોય કે પછી વ્યક્તિગત કાઉન્સેલિંગ (મસલત) જેવી વધુ નિષ્ણાત સેવાઓ હોય, તેઓ લોકોને ગુનાને પહોંચી વળવા અને તેમાંથી ઊગરીને બહાર આવવામાં મદદ કરે છે. તમે હાલ વિક્ટિમ ફર્સ્ટનો સંપર્ક ન કરવા માંગતા હોવ તેવું બને, પરંતુ કૃપા કરીને આ પુસ્તિકાને પાસે રાખો, કદાચ તમે ભવિષ્યમાં તેવું કરવા ઇચ્છો એમ બની શકે.

ગુનાનો ભોગ બનનારાઓ વિક્ટિમ્સ કોડ તરીકે ઓળખાતી એક રાષ્ટ્રીય સંહિતામાં જણાવેલા 12 હકો ધરાવે છે. આમાં ગુનાની જાણ કરવામાં આવે ત્યારે લેખિત પુષ્ટિ મેળવવાનો; તમારી જરૂરિયાતો અનુસાર સેવાઓ અને ટેકાની રચના કરાવવાનો; ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ પાસેથી શેની અપેક્ષા રાખવી તેની માહિતી મેળવવાનો અને તપાસ તથા કોઈ સંભવિત ફોજદારી કાર્યવાહી વિશે માહિતી પૂરી પાડવાના હક સામેલ છે.

અમે જાણીએ છીએ કે ગુનાનો ભોગ બનેલા હોવું, અથવા એક સાક્ષી હોવું એ તકલીફ આપનારું હોઈ શકે અને ઘણી વખત જીવન બદલી નાખતી ઘટના હોઈ શકે. તે અલગ અલગ લોકોને અલગ અલગ રીતે અસર કરી શકે છે.

કૃપા કરીને વિશ્વાસ રાખો કે તમારે આ પરિસ્થિતિનો એકલા હાથે સામનો નથી કરવાનો, એવી ટીમો છે જે તેના દરેક પગલે તમને મદદ કરશે અને આ પુસ્તિકામાંની માહિતી થકી તમને શું ઉપલબ્ધ છે તે વિશે વધુ જાણવામાં મદદ મળશે.

ભોગ બનેલાઓ માટે માહિતીના વાંચવામાં સરળ અને 18-થી નીચે પ્રકારો પણ ઉપલબ્ધ છે.

# વિક્ટિમ્સ કોડ (ગુનાનો ભોગ બનેલાઓ માટેની સંહિતા) હેઠળ તમે શેને માટે પાત્ર છો?

**જો તમે ઇંગ્લૅન્ડ અથવા વૅલ્સમાં ગુનાનો ભોગ બન્યા હોવ તો, તમે એક વ્યક્તિ હોવ કે વ્યાપાર, તમે કોડ ઑફ પ્રૅક્ટિસ ફૉર વિક્ટિમ્સ ઑફ ક્રાઇમ હેઠળ ફોજદારી ન્યાયિક સંસ્થાઓ તરફથી ટેકો મેળવવાને પાત્ર છો, પછી ભલેને બનાવની જાણ તમે પોલીસને ન કરી હોય.**

## 1 સમજવા માટે સમર્થ હોવું અને તમને સમજવામાં આવે

તમને હક છે કે તમને એવી રીતે માહિતી પૂરી પાડવામાં આવે જે સમજવામાં સરળ હોય અને તમારી વાત સમજી શકાય તેમાં મદદ કરવા માટે, જ્યાં જરૂરી હોય ત્યાં, તમને દુભાષિયા તથા ભાષાંતર સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવે.

## 2 ગેરવાજબી વિલંબ વિના ગુનાની વિગતો નોંધાવી શકાવી

તમને હક છે કે બનાવ પછી પોલીસ દ્વારા ગુનાની વિગતો શકય તેટલી જલ્દી નોંધવામાં આવે. જો તમારે એક સાક્ષી નિવેદન પૂરું પાડવું અથવા ઇન્ટરવ્યૂ (મુલાકાત) આપવો જરૂરી હોય, તો તમને હક છે કે તમને આ પ્રક્રિયામાંથી પસાર થવામાં મદદ કરવા માટે વધારાનો ટેકો પૂરો પાડવામાં આવે.

## 3 ગુનાની જાણ કરતા હોવ ત્યારે તમને માહિતી પૂરી પાડવામાં આવે

તમને હક છે કે ગુનાની જાણ કરો ત્યારે તમે લેખિત પુષ્ટિ પ્રાપ્ત કરી શકો, ફોજદારી ન્યાયિક પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવામાં આવે અને ભોગ બનેલાઓ માટેના કાર્યક્રમો અથવા સેવાઓ વિશે જણાવવામાં આવે. આમાં તમે શકમંદ અથવા ગુનો આચરનારને મળી શકો તેવી સેવાઓનો સમાવેશ થઈ શકે છે, જે રિસ્ટૉરેટિવ જસ્ટિસ (પુન:સ્થાપન કેન્દ્રિત ન્યાય) તરીકે ઓળખાય છે.

## 4 ભોગ બનેલાઓને ટેકો આપતી હોય તેવી સેવાઓ માટે તમારો સંદર્ભ કરવામાં આવે અને સેવાઓ તથા ટેકામાં તમારી જરૂરિયાત અનુસાર તૈયાર કરેલી હોય

તમને હક છે કે ભોગ બનેલાઓને ટેકો આપતી હોય તેવી સેવાઓ માટે તમારો સંદર્ભ કરવામાં આવે, જેમાં તેમનો સીધો સંપર્ક કરી શકવાનો, અને તમારી જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં આવે તેનો હક સામેલ છે, જેથી સેવાઓ અને ટેકા તમારી જરૂરિયાત અનુસાર તૈયાર કરી શકાય જો પાત્ર હોવ તો, તમને હક છે કે ટેકા માટેની એક નિષ્ણાત સેવા માટે તમારો સંદર્ભ કરવામાં આવે અને ન્યાયાલય (કોર્ટ) ખાતે ઉપલબ્ધ હોય તેવા વધારાના ટેકા વિશે તમને જણાવવામાં આવે, ઉદાહરણ તરીકે વિશેષ ઉપાયો.

## 5 વળતર વિશે માહિતી પૂરી પડાવી

જ્યારે પાત્ર હોવ ત્યારે, તમને હક છે કે ગુનાના પરિણામે થયેલ કોઈ ખોટ, નુકસાન અથવા ઇજા સામે વળતર મેળવવા દાવો કેવી રીતે કરવામાં આવે તે તમને જણાવાય.

## 6 તપાસ અને ફોજદારી કાર્યવાહી વિશે તમને માહિતી પૂરી પડાવી

તમને હક છે કે તમારા કેસ વિશે તમને અદ્યતન જાણકારી પૂરી પડાતી રહે અને જ્યારે મહત્ત્વના નિર્ણયો લેવાય ત્યારે તમને જણાવવામાં આવે. તમને એ હક પણ છે કે, ન્યાયિક પ્રક્રિયાના ચોક્કસ તબક્કાઓ પર, તમે સુસંગત સેવા પ્રદાતા દ્વારા નિર્ણયો અંગે ફેરવિચારણા કરવામાં આવે તેમ કહી શકો.

# વિક્ટિમ્સ કોડ (ગુનાનો ભોગ બનેલાઓ માટેની સંહિતા) હેઠળ તમે શેને માટે પાત્ર છો?

## 7 વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ આપવું

તમને **હક** છે કે તમે એક વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ આપી શકો, જે ન્યાયાલયને એ જણાવે કે ગુનાએ તમને કેવી રીતે અસર કરી છે, અને તેને ગુનો આચરનારને સજા આપતી વખતે ધ્યાનમાં લેવામાં આવે. તમને પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવશે.

## 8 મુકદ્દમો, મુકદ્દમાની પ્રક્રિયા અને એક સાક્ષી તરીકે તમારી ભૂમિકા વિશે માહિતી પૂરી પડાવી

જો તમારો કેસ ન્યાયાલયમાં જાય, તો તમને **હક** છે કે તમને તે અંગેની કોઈ સુનાવણીની તારીખ, સમય અને સ્થાન તથા આવી સુનાવણીઓના પરિણામો વિશે સમયસર જણાવવામાં આવે. જો તમારે પુરાવો/જુબાની આપવી જરૂરી હોય તો, તમને **હક** છે કે તમને મુકદ્દમા પહેલાં યોગ્ય મદદની રજૂઆત કરવામાં આવે અને, જ્યાં શક્ય હોય ત્યાં, જો ન્યાયાલય પરવાનગી આપે તો, જુબાની આપતા પહેલાં તમે ફરિયાદ પક્ષના વકીલ સાથે મળો.

## 9 કેસ અને કોઈ અપીલ કરાઇ હોય તો તેના પરિણામ વિશે માહિતી પૂરી પડાવી

તમને **હક** છે કે તમને કેસના પરિણામ વિશે જણાવવામાં આવે અને, જો આરોપી દોષિત ઠેરવાયા હોય, તો સજા અંગે સમજૂતી આપવામાં આવે. જો ગુનો આચરનાર તેમના દોષિત ઠરવાયા અથવા કરાયેલી સજા સામે અપીલ કરે, તો તમને **હક** છે કે તમને અપીલ અને તેના પરિણામ વિશે જણાવવામાં આવે.

## 10 ખર્ચાઓની ચુકવણી કરાવી અને મિલકત પરત કરાવી

જો તમારે કોર્ટમાં હાજરી આપવી અને પુરાવા આપવા જરૂરી હોય, તો તમને અમુક ચોક્કસ ખર્ચાઓ માટે દાવો કરવાનો **હક** છે. જો તમારી કોઈ મિલકત પુરાવા તરીકે લેવામાં આવી હોય તો, તમને તે શકય તેટલી વહેલી પાછી મેળવવાનો **હક** છે.

## 11 દોષિત ઠર્યે ગુનો આચરનાર વિશે માહિતી પૂરી પાડવામાં આવશે

જ્યાં પાત્ર હોવ ત્યાં, તમને **હક** છે કે તમને વિક્ટિમ કોન્ટેક્ટ સ્કિમ (ભોગ બનેલાઓની સંપર્કની યોજના) માટે આપમેળે સંદર્ભ આપવામાં આવે, જે તમને ગુનો આચરનાર વિશે અને તેમના કેદમાંના ક્રમ વિશે તથા જો/જ્યારે તેઓ પેરોલ અથવા મુક્તિ અંગે વિચારણા માટે પાત્ર બને ત્યારે તેની માહિતી પૂરી પાડશે. જ્યાં લાગુ પડતું હોય ત્યાં, તમને એ **હક** પણ છે કે તમે નવું વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ આપી શકો, જેમાં તમે એ જણાવી શકો કે તે ગુનો કેવી રીતે તમને હજી પણ અસર કરી રહ્યો છે.

## 12 તમારા હકો મળતા ન હોય તે બાબતે ફરિયાદ દાખલ કરવી

જો તમે માનતા હોવ કે તમને તમારા **હકો** નથી મળ્યા, તો તમને લાગુ પડતા સેવા પ્રદાતાને એક ફરિયાદ કરવાનો **હક** છે. જો તમે હજી પણ નાખુશ હોવ, તો તમે પાર્લમેન્ટરિ ઍન્ડ હેલ્થ સર્વિસ ઑમ્બડ્ઝમૅનનો સંપર્ક કરી શકો છો.

આ ભોગ બનેલાઓ અને સાક્ષીઓના એપ્રિલ 2021થી કાયદામાં લાગુ કરાયેલા કાનૂની હકો છે. તમને વધુ વિગતવાર માહિતી અહીં મળી શકે:
https://assets.publishing.service.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/936239/victims-code-2020.pdf

# વિક્ટિમ ફર્સ્ટ શું છે અને તેઓ મને કેવી રીતે મદદરૂપ થઈ શકે?

Victim First
Leicester, Leicestershire & Rutland

**ગુનાનો ભોગ બનનાર તરીકે, પોલીસ તમારી માહિતી અને સંપર્ક વિગતો વિક્ટિમ ફર્સ્ટને મોકલવા માટે તમારી પરવાનગી માંગશે, જેઓ 48 કલાકની અંદર તમારો સંપર્ક કરશે. આ તપાસ ટીમ સાથે'વિક્ટિમ કોન્ટ્રાક્ટ'નો એક ભાગ બનશે.**

આ ભોગ બનનાર કેન્દ્રિત સેવા એ સુનિશ્ચિત કરવા તૈયાર કરવામાં આવી છે કે ન્યાયિક પ્રક્રિયાના દરેક તબક્કે ભોગ બનનારની તથા સાક્ષીની જરૂરિયાતો સૌથી ઉપર અને આગળ રાખવામાં આવે. તે મફત, પોલીસથી સ્વતંત્ર અને ગોપનીય છે. વિક્ટિમ ફર્સ્ટ પાસે, ભોગ બનનારાઓને પુનઃસ્વસ્થતા તરફની તેમની સફર દરમ્યાન ટેકો આપવામાં મદદ કરવા માટે વ્યવસાયિક કેસ કાર્યકરોની એક ટીમ છે, જેમને પ્રતિબદ્ધ અને ઊચ્ચ તાલીમ પામેલ સ્વયંસેવકોની ટીમનો ટેકો મળેલો છે.

વિક્ટિમ ફર્સ્ટ એ લેસ્ટરશાયર પોલીસ અને એક વિસ્તૃત શ્રેણીના વિભાગોમાં ટેકો, માહિતી તથા માર્ગદર્શન પૂરી પાડી રહેલી અન્ય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કામ કર છે. આ સેવાની શરૂઆત પોલીસ અને ક્રાઇમ કમિશનરની કચેરી દ્વારા કરવામાં આવી છે અને તે Catch22 દ્વારા પૂરી પાડવામાં આવે છે.

## વિક્ટિમ ફર્સ્ટ આ ઉપલબ્ધ કરે છે:

- ભરોસાથી વાત કરી શકાય તે માટે કોઈક (સામસામે મુલાકાતો અથવા ટેલિફોન થકી ટેકો)
- માહિતી અને સલાહ
- ભોગ બનેલાઓ વતી પોલીસ અને અન્ય સંસ્થાઓ સાથે હિમાયત
- નિષ્ણાત સંસ્થાઓ તરફ દિશાનિર્દેશિત કરાવું
- વ્યવહારુ ટેકો (ધ્યેય નિર્ધારણ, વ્યક્તિગત ચેતવણી સંકેતો)
- માનસિક સ્વાસ્થ્ય ટેકો (ઇન-હાઉસ માનસિક સ્વાસ્થ્ય નર્સ)
- રિસ્ટૉરેટિવ જસ્ટિસને સુગમ બનાવવા માટે (રિસ્ટૉરેટિવ જસ્ટિસ ભોગ બનેલાઓને તેમની સામે ગુનો આચરનારાઓને ગુનાની ખરી અસર સમજાવવા માટે મળવાની અથવા વાતચીત કરવાની તક આપે છે - તે ભોગ બનેલાઓને એક અવાજ પૂરો પાડીને તેમનું સશક્તિકરણ કરે છે. તે ગુનો આચરનારાઓને તેમણે જે કર્યું છે તે માટે ઉત્તરદાયી પણ ઠેરવે છે અને તેમને જવાબદારી સ્વીકારવામાં અને સુધારો કરવામાં મદદ પણ કરે છે)

તમે વિક્ટિમ ફર્સ્ટને કૉલ કરી શકો છો, ભલેને ગુનો તાજેતરનો હોય કે ભૂતકાળનો. તેઓ તમને ટેકો આપશે, તમે બનાવની જાણ પોલીસને ન કરવાનું પસંદ કરો તો પણ.

**વિક્ટિમ ફર્સ્ટ હેલ્પલાઇન: 0800 953 95 95**
**ઈ-મેલ:** support@victimfirst.pnn.gov.uk
**ઓનલાઇન:** www.victimfirst.org

જો તમે કોઈ હિંસક ગુનાનો ભોગ બન્યા હોવ અથવા તમારી સાથે થયેલા ગુનામાં ઇજા, હાનિ અથવા નુકસાનનો સમાવેશ થતો હોય, તો તમે ક્રિમિનલ ઇન્જરિઝ કમ્પનસેશન ઑથોરિટી (CICA) પાસેથી વળતર મેળવવા માટે પાત્ર છો. તે ગુના બદલ કોઈ દોષિત ઠેરવાયું કે નહિ તેનાથી અસંબદ્ધ, તમે વળતર માટે અરજી કરી શકો છો. વધુ જાણકારી માટે, અહીં મુલાકાત લો: www.cica.gov.uk અથવા CICAને 03000 033601 પર કૉલ કરો.

તમારે ઇજા, હાનિ અથવા નુકસાનની સચોટ વિગતો આપવી અને સુસંગત રસીદો સાચવવી જરૂરી રહેશે જેથી વળતર માટે દાવો કરી શકાય.

## અન્ય ઉપયોગી સંપર્કો

**સિટિઝન્સ એડવાઇસ**
www.citizensadvice.org.uk

**ક્રાઇમસ્ટોપર્સ**
www.crimestoppers-uk.org 0800 555 111

**હર મેજિસ્ટ્રેટ્ઝ કોર્ટ્સ ઍન્ડ ટ્રિબ્યુનલ સર્વિસ**
www.gov.uk/going-to-court-victim-witness

**ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ**
www.cps.gov.uk 0116 204 6700

**લેસ્ટરશાયર પોલીસ વિટનેસ કેર યુનિટ** Witness.CareUnit@leicestershire.pnn.police.uk અથવા 101 પર કૉલ કરો, લેસ્ટરશાયર પોલીસ વિટનેસ કેર યુનિટ માટે પૂછો

**નેબરહૂડ લિંક** – તમારા વિસ્તારમાં શું થઈ રહ્યું છે તે વિશે નિયમતપણે ઈ-મેલ પ્રાપ્ત કરવા માટે અમારી સામુદાયિક સંદેશ યોજના માટે સાઇન-અપ થાવ
www.neighbourhoodlink.co.uk

# મેં એક ગુનાની જાણ કરી છે, હવે શું થશે?

**તમને શું થયું હતું તે વિશે વધારાની વિગતો પૂરી પાડવા માટે કહેવાશે જેથી કરીને પોલીસ એ નક્કી કરી શકે કે એક ફોજદારી તપાસ શરૂ કરવા માટે પૂરતી માહિતી ઉપલબ્ધ છે કે કેમ. જો પૂરતી માહિતી ઉપલબ્ધ ન હોય, અથવા પાછળથી વધુ કોઈ પગલાં લીધા વિના ફોજદારી તપાસને બંધ કરવાનો નિર્ણય લેવાય, તો તમને આવું કેમ કરાયું તેનું કારણ આપવામાં આવશે.**

તમે સામનો કરેલા ગુના પર એક તપાસ અધિકારી દ્વારા કામ કરાશે, જે તમારી સામેના ગુના માટે જવાબદાર સામે સંભવિત કાનૂની કાર્યવાહી, અથવા કોર્ટ બહારની પતાવટમાં ટેકો આપવા માટે પુરાવા મેળવવાની કોશિશ કરશે. પુરાવામાં ફોરેન્સિક સામગ્રી; સાક્ષી નિવેદનો/ વિડીયો-રેકર્ડ કરેલી જુબાની; ઘરે ઘરે કરેલી પૂછપરછ અને CCTV ફૂટેજ (અન્ય બાબતો સાથે)નો સમાવેશ થઈ શકે.

તપાસ અધિકારી તમે પસંદ કરેલી સંપર્કની પદ્ધતિ થકી તમને ઓછામાં ઓછા દર 28 દિવસે માહિતી વિશે અદ્યતન રાખવા માટે સંમત થશે. તમે વધુ નિયમિતપણે અદ્યતન રખાવા માટે વિનંતી કરી શકો છો.

તે અધિકારી તમારી સાથે એ બાબતે પણ ચર્ચા કરશે કે શું મીડિયા અને/અથવા સોશિયલ મીડિયા પર અપીલ કરવાથી અન્ય સાક્ષીઓ શોધવામાં મદદ મળી શકે કે કેમ અથવા માહિતી માટે અપીલ કરવી મદદરૂપ બની શકે કે કેમ. જો આવું હોય, તો તમારી વ્યક્તિગત વિગતો જાહેર કરવામાં નહિ આવે. બધા ગુનાઓ માટે અપીલ જારી કરાતી નથી.

ભોગ બનેલા એવા લોકો અને સાક્ષીઓ, જેઓ હુમલાનો ભોગ બની શકે તેવા અને ધમકાવાયેલા હોય, તેમને માટે વિશેષ ઉપાયો છે જે તમને પુરાવા આપો ત્યારે ટેકો આપવા માટે અમલમાં મૂકી શકાય છે.

# તો, મારા સાક્ષી નિવેદનનું શું થશે?

**એક નિવેદન આપીને, અથવા એક વિડીયો-રેકોર્ડ કરેલ વૃત્તાન્ત પૂરું પાડીને તમે તપાસમાં મદદ કરી રહ્યાં છો, જે કોઈ ગુનો આચરનારને સામે ન્યાયિક પગલાં લેવામાં મદદરૂપ થઈ શકે.**

જો કોઈ શકમંદ ઉપર એક ગુનાનો આરોપ મૂકાયો હોય તો તમને પુરાવો આપવા માટે થઈને કોર્ટમાં હાજર રહેવા કહેવાઇ શકે. જો CPS અને બચાવપક્ષ તમારા નિવેદન સાથે સંમત થાય તો તેઓ માત્ર તમારા નિવેદન ઉપર જ આધાર રાખવાનું પસંદ કરી શકે અને તમને કોર્ટ આવવાનું નહિ કહેવાય.

પોલીસને તમારા ગુનાની તપાસ કરવામાં મદદ કરવા માટે તમારે તેમને આ જાણ કરવી જોઈએ:

- જો તમને કંઈક એવું યાદ આવે જે તમે પહેલાં આપ્યું હોય તેવા કોઈ નિવેદનમાં સમાયેલું નથી
- જો તમારી સંપર્ક વિગતો બદલાય
- જો ગુનામાં કોઈ પ્રકારની શત્રુતા સંડોવાયેલી હોય, દાખલા તરીકે જો તમને તમારા વંશ, લૈંગિકતા, ધર્મ, અક્ષમતા અથવા લૈંગિક ઓળખ, અથવા સમજ થયેલ વંશ, લૈંગિકતા, ધર્મ, અક્ષમતા અથવા લૈંગિક ઓળખને કારણે નિશાન બનાવાયા હતા
- જો તમારી કોઈ ચોક્કસ જરૂરિયાતો હોય, દાખલા તરીકે ચલનક્ષમતા, વાતચીત અંગેની અથવા ધાર્મિક જરૂરિયાતો

## મારું સાક્ષી નિવેદન કોણ જોઈ શકશે?

કેસ સાથે સંકળાયેલ દરેક તમારું નિવેદન / જુબાની જોશે, આથી જ્યારે તમે નિવેદન પૂરું પાડો ત્યારે તમારી વ્યક્તિગત વિગતો રોકી રખાશે. જ્યારે તમે એક નિવેદન પૂરું પાડો ત્યારે કૃપા કરીને વ્યક્તિગત માહિતી સામેલ કરશો નહિ, સિવાય કે તે બનાવના સંજોગો સાથે સુસંગત હોય. સાક્ષી નિવેદન આપવા વિશે વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે; www.gov.uk/government/publications/the-new-leaflet-giving-a-witness-statement-to-the-police-what-happens-next



# તમારી સાથે થયેલા ગુના અંગે પગલાં ભરવા

**કોઈ તપાસ દરમ્યાન, જો કોઈની ધરપકડ કરવામાં આવે, તો તેમની પૂછપરછ થઈ શકે અને તેમની સાથે શું થશે તે અંગે એક નિર્ણય લેવામાં આવશે.**

ગુના ઉપર આધાર રાખતાં, આ નિર્ણય ક્યાં તો પોલીસ દ્વારા અથવા તો ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ દ્વારા લેવામાં આવે છે.

ગુનો આચરનાર સામે કેવી રીતે કામ લેવામાં આવે તે અંગે અનેક રીતો હોય છે, જેમાં આમનો સમાવેશ થાય છે:

- તેમની સામે આરોપો ઘડાવા અથવા હાજર થવા ફરમાન જાહેર કરાવું અને ન્યાયાલય સમક્ષ હાજર કરાવા અથવા ન્યાયાલયમાં હાજરી આપવી જરૂરી બનાવવી
- કોર્ટ બહાર પતાવટ, જેમ કે ચેતવણી અપાવાને પાત્ર બનવું
- સામુદાયિક ઠરાવનું પાલન કરવું અથવા રિસ્ટોરેટિવ જસ્ટિસ
- વધુ કોઈ પગલાં વિના છોડી મૂકાવા

જો તમે કાનૂની કાર્યવાહી ન કરવાના નિર્ણયથી નાખુશ હોવ તો, તમે વિક્ટિમ્સ રાઇટ ટુ રિવ્યુ (ભોગ બનેલાઓનો સમીક્ષા માટેનો હક) (VRR) યોજના માટે પાત્ર છો www.leics.police.uk/advice/advice-and-information/acr/vrr/victims-right-review-scheme/

જો કોઈ વ્યક્તિ ઉપર આરોપ ઘડાયા હોય અથવા ન્યાયાલયમાં હાજર થવા ફરમાન કરાયું હોય અને ન્યાયાલયમાં મોકલાયા હોય, તો અમે તમારો સંપર્ક કરીશું અને તમને ન્યાયાલયની પહેલી તારીખ જણાવીશું અને પ્રક્રિયા સમજાવીશું. જો પહેલી સુનાવણી પછી આરોપી દ્વારા દોષી હોવાની સ્વીકૃતિ કરવામાં આવી હોય તો અમે તમને પરિણામ વિશે માહિતગાર કરીશું.

જો આરોપી દ્વારા ન્યાયાલયને પોતે દોષી ન હોવાનું જણાવાયું હોય તો, ન્યાયાલયની પહેલી સુનાવણી તારીખ બાદ લેસ્ટરશાયર પોલીસનો વિટનેસ કેર યુનિટ તમારો સંપર્ક કરશે. તેઓ તમને અદ્યતન માહિતી આપશે, જો તમારે પુરાવો આપવા ન્યાયાલયમાં હાજરી આપવાની જરૂર પડે તો તમને જરૂરી માહિતી અને વ્યવહારુ ટેકો પૂરો પાડશે, અને તમારી પરવાનગી વડે, અન્ય પ્રકારના ટેકાઓ પૂરા પાડી શકે તેમ હોય તેવી અન્ય સંસ્થાઓનો સંદર્ભ તમને આપશે.

વધુ સુનાવણીઓ માટે તમને ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે તેવા કિસ્સામાં, વિટનેસ કેર યુનિટ તમારી સાથે સંપર્ક જાળવી રાખશે અને તમને અદ્યતન માહિતી તથા વિક્ટિમ્સ કોડ ઑફ પ્રેક્ટિસની જોગવાઇઓ અનુસાર ટેકો પૂરો પાડશે.

**એ અગત્યનું છે કે જો તમારી સંપર્ક વિગતો બદલાય તો તમે વિટનેસ કેર યુનિટનો સંપર્ક કરો.**

# એક વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (ભોગ બનનારનું વ્યક્તિગત નિવેદન) (VPS) આપવું

**વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (VPS) એ એક લખેલું અથવા નોંધેલું નિવેદન છે, જે ગુનાએ તમને શારીરિક, ભાવનાત્મક, નાણાંકીય અથવા અન્ય કોઈ રીતે કેવી રીતે પ્રભાવિત કર્યા છે એ વાત તમારા પોતાના શબ્દોમાં સમજાવે છે.**

ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને શું સજા કરવી તે નક્કી કરતી વખતે VPSને ધ્યાનમાં લેવામાં આવે છે, તથા તમને અને/અથવા તમારા પરિવારને ક્યા વધારાના ટેકાની જરૂર પડી શકે તે ધ્યાનમાં લેવા માટે તે સેવા પ્રદાતાઓને પણ મદદરૂપ થઈ શકે.

તમે VPS આપવા માંગો છો કે કેમ તે નક્કી કરવામાં મદદ માટે, તમને હક છે કે ગુનાની જાણ કરતી વખતે તમને પોલીસ દ્વારા VPS પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવામાં આવે. જો તમે VPS આપવાનું નક્કી કરો, તો તમને પૂછવામાં આવશે કે તમે તમારું નિવેદન ન્યાયાલયમાં મોટેથી વાંચવા માંગશો કે પછી કોઈ તમારા વતી તેને વાંચી સંભળાવે એમ ઇચ્છશો. તમે પોલીસ પાસેથી એક નકલ મેળવવા માટે વિનંતી કરી શકો છો અને ગુનાની બદલાતી અસરને આવરી લેવા માટે એક વધારાનું વ્યક્તિગત નિવેદન કરવાની તક તમને આપવામાં આવશે. તમારે તમારું VPS વાંચી સંભળાવવું કે તેને તમારા વતી વાંચવામાં આવે તે જરૂરી નથી. તમે પોતાનો નિર્ણય બદલી શકો છો. તમારું VPS ન્યાયાલયમાં મોટેથી વાંચવામાં (કે વગાડવામાં) આવ્યું હોય કે નહિ તેનાથી અસંબદ્ધ, ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ દ્વારા સમાન રીતે ધ્યાનમાં લેવામાં આવશે.


ગુનાઓના તમામ ભોગ બનેલાઓ, જો તેઓ ઇચ્છે તો VPS આપવા માટે પાત્ર છે.

જો તમે સ્વજન ગુમાવવાના શોક અનુભવતા નજીકના સંબંધી હોવ તો, તમને પણ VPS આપવાનો હક છે અને જ્યારે તમે એવું કરી રહ્યાં હોવ ત્યારે કોઇકને તમારી સાથે રાખવાનો હક છે.

જો આરોપી દોષી હોવાનું સ્વીકારે, અથવા દોષી હોવાનું જણાય, અને તમે એમ જણાવ્યું હોય કે તમારું નિવેદન ન્યાયાલયમાં મોટેથી વાંચવામાં (અથવા વગાડવામાં) આવે, તો ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ એ નક્કી કરશે કે શું તમારું વ્યક્તિગત નિવેદન મોટેથી વાંચવામાં (અથવા વગાડવામાં) આવે કે કેમ, અને તેના ક્યા ભાગો માટે આમ કરાય, અને તે કોણે વાંચી સંભળાવવા જોઈએ. ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ તેમનો નિર્ણય લેતી વખતે તમારી પસંદગીને હંમેશા ધ્યાનમાં લેશે, સિવાય કે તેમ ન કરવા માટે યોગ્ય કારણ હોય. વિટનેસ કેર યુનિટ તમને ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટનો નિર્ણય જણાવશે.

ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ તમારા VPSને અને ગુનાએ તમને પહોંચાડેલી હાનિના સ્તરને, અન્ય પુરાવાની સાથે ધ્યાનમાં લેશે.

વધુ માહિતી માટે, અહીં મુલાકાત લો: www.gov.uk/government/publications/victim-personal-statement



# બિઝનેસ ઇમ્પેક્ટ સ્ટેટમેન્ટ (BIS)

**જો તમારો વેપાર અથવા સંસ્થા (જેમ કે સખાવત) ગુનાનો ભોગ બની હોય તો વિક્ટિમ્સ કોડ વધુમાં તમને એક પ્રભાવ અંગેનું નિવેદન આપવા માટે પણ પાત્ર બનાવે છે.**

બિઝનેસ ઇમ્પેક્ટ સ્ટેટમેન્ટ ગુનાએ તમારા વેપાર ઉપર પ્રત્યક્ષ નાણાંકીય અસર (અસ્ક્યામતો ચોરાવી અથવા નુકસાન પામવી), અપ્રત્યક્ષ નાણાંકીય અસર (ગ્રાહક ગુમાવવા, કર્મચારીઓનો સમય બગડવો, વગેરે) અને બિન-નાણાંકીય નુકસાન, જેમકે, પ્રતિષ્ઠાને હાનિના રૂપમાં કેવી રીતે અસર કરી છે તેની વિગતોનું વર્ણન તમને કરવા તક આપે છે.

# શું મારે ન્યાયાલય જવું પડશે?

**અહીં એ જણાવવું અગત્યનું છે કે તમારે ન્યાયાલય જવાનું જરૂરી બને તેવી સ્થિતિમાં, વિનંતી કર્યે, તમને લેસ્ટરશાયર પોલીસ, વિટનેસ કેર યુનિટ અને વિક્ટિમ ફર્સ્ટ થકી ટેકો પૂરો પાડવામાં આવશે.**

જો શકમંદ ઉપર આરોપ ઘડવામાં આવ્યો હોય તો તમને પુરાવો આપવા માટે ન્યાયાલયમાં હાજરી આપવા જણાવાઇ શકે. જો કે, જો ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) અને બચાવપક્ષ તમારા નિવેદનથી, તે પૂરતી રીતે પૂર્ણ વૃતાંત હોવા તરીકે સંમત હોય તો તેઓ સીધો તમારા નિવેદન ઉપર જ આધાર રાખવાનું પસંદ કરી શકે.

તમારે ન્યાયાલય ત્યારે જ જવું પડી શકે, જો આરોપી:

- આરોપોને નકારે અને 'દોષી ન હોવાનું' જણાવે
- દોષી હોવાનું જણાવે પરંતુ ગુનામાં અગત્યનો ભાગ હોવાનું ન સ્વીકારે, જે તેને અથવા તેણીને થનારી સજાના પ્રકાર ઉપર અસર કરી શકે

જો તમારે ન્યાયાલયમાં હાજર થવું જરૂરી બને, તો ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષના વકીલો તમને તમારા પુરાવા અંગે પ્રશ્નો પૂછશે. તમે પહેલાં તમારી યાદ તાજી કરી લેવા માટે તમારું નિવેદન વાંચી શકશો.

જો તમે એક નિવેદન આપ્યું હોય અને તમને પુરાવો આપવા માટે ન્યાયાલયમાં હાજર રહેવા જણાવવામાં આવે, તો તમારે તેમ કરવું રહ્યું કારણ કે તે કાનૂની રીતે જરૂરી છે. જો તમને ન્યાયાલયમાં હાજર રહેવા જણાવવામાં આવે, તો તમને ક્યારે અને ક્યાં જવું તે જણાવતો એક પત્ર અને વિગતો ધરાવતું એક ચોપાનિયું મોકલવામાં આવશે.

અસહાય અને ડરામણી કરાયેલા સાક્ષીઓ માટે વધારાની મદદ ઉપલબ્ધ છે. વિટનેસ કેર યુનિટ, વિટનેસ સર્વિસ, પોલીસ અને CPS તમને જણાવશે કે ક્યા પ્રકારની મદદ ઉપલબ્ધ છે. ગુનાનો ભોગ બનેલાઓ માટે સાક્ષી બનવા અંગે વધુ માહિતી અહીં www.cjsonline.org/witness અથવા www.cjsonline.org/victims ઉપલબ્ધ છે.

પ્રારંભિક તપાસના ભાગરૂપે, ટીમ તમારા કેસમાં વધુ વિશેષ ઉપાયો (જેમ કે પડદાઓ) લાગુ કરવા માટે થઈને તમારા કેસનું મૂલ્યાંકન કરશે, જેની વિનંતી તમને પુરાવો આપતી વખતે વધુ આત્મવિશ્વાસ રહે તે માટે કરવામાં આવશે. આ મૂલ્યાંકન ખૂબ જ શરુઆતના તબક્કે પૂર્ણ કરવામાં આવશે જેથી વિનંતી કોઈ કોર્ટ કેસ શરુ થતાં પહેલા કરી શકાય. અમે જાણીએ છીએ કે ગુનાનો ભોગ બનેલાઓ માટે આ ઘણી વખત ઘણો જ અસલી ડર હોય છે, પરંતુ અમે સાથે મળીને તમને ન્યાયાલયની પ્રક્રિયાઓમાંથી પસાર થવામાં મદદ કરીશું.



# ગુના નિવારણની સલાહ અને વધુ માહિતી

**અમે સમજીએ છીએ કે ગુનાનો ભોગ બનેલા હોવું તમને એવી લાગણી કરાવી શકે કે તમે સહેલાઇથી હુમલોનો ભોગ બની શકો તેવા છો. જો તમને તપાસ અને ફોજદારી ન્યાય પ્રક્રિયા અંગે ટેકો તથા મફત અને સ્વતંત્ર સલાહની જરૂર હોય તો વિક્ટિમ ફર્સ્ટ હાજર છે.**

એવા ઉપાયો છે જેના થકી તમે થોડા સરળ સલામતી પગલાંઓ લઈને અને તમે કઈ માહિતી ઓનલાઇન મૂકો છો તે વિશે કાળજીપૂર્વક વિચાર કરીને પોતાને વધુ સલામત અનુભવ કરાવી શકો છે.

ગુના નિવારણ માટે ખૂબ ઉપયોગી હોય તેવી ઘણી બધી સલાહ લેસ્ટરશાયર પોલીસની વેબસાઇટ ઉપર રહેલી છે www.leics.police.uk/cp

તમે અમારી નેબરહૂડ લિંક તરીકે ઓળખાતી સામુદાયિક સંદેશ યોજના માટે અહીં સાઇન અપ પણ કરી શકો છો www.neighbourhoodlink.co.uk. આ તમને પોલીસ તરફથી માહિતી અને સલાહ પ્રાપ્ત કરવા સમર્થ બનાવશે અને તમે સ્થાનિક પોલીસ કામગીરી પ્રાથમિકતાઓ અંગે પ્રતિસાદ પણ આપી શકશો.

@LeicsPolice

લેસ્ટરશાયર પોલીસ

leicestershire_police

www.leics.police.uk

નોંધ / વધુ પ્રશ્નો: